Saturday
03.08.2024
✳Volume :9 ✳ Issue No.16
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૩ ઓગસ્ટે કૃષિ અર્થશાસ્ત્રીઓની ૩૨મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્‌ઘાટન કરશે

કોન્ફરન્સમાં લગભગ ૭૫ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે

સમ્મેલનનો વિષયઃ સતત કૃષિ ખાદ્ય પ્રણાલીઓ તરફ પરિવર્તન તેમાં ભારતની કૃષિ પ્રગતિને દર્શાવવામાં આવશે, જેમાં ડિજિટલ કૃષિ અને સતત કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં પ્રગતિનો સમાવેશ થાય છે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩ઓગસ્ટ ૨૦૨૪નારોજ સવારે ૯.૩૦ કલાકે રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (NASC) સંકુલ,નવીદિલ્હી ખાતે કૃષિ અર્થશાસ્ત્રીઓની ૩૨મી આંતરરાષ્ટ્રીય પરિષદ (ICAE)નું ઉદ્‌ઘાટન કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી જનસભાને સંબોધિત પણ કરશે. ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ એગ્રીકલ્ચરલ ઈકોનોમિસ્ટ દ્વારા આયોજિત ત્રિવાર્ષિક કોન્ફરન્સ ૦૨થી ૦૭ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન યોજાશે. ICAE 65 વર્ષ બાદ ભારતમાં આયોજિત થઈ રહ્યું છે. આ વર્ષની કોન્ફરન્સની થીમ છે, "સસ્ટેનેબલ એગ્રી-ફૂડ સિસ્ટમ્સ તરફપરિવર્તન." તેનોઉદ્દેશ્ય વૈશ્વિક પડકારોજેમ કેજળવાયુ પરિવર્તન, પ્રાકૃતિક સંસાધનોના અધોગતિ, વધતા ઉત્પાદન ખર્ચ અને સંઘર્ષ જેવા વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખીને ટકાઉ કૃષિની જરૂરિયાતને પહોંચી વળવાનો છે. આ પરિષદ વૈશ્વિક કૃષિ પડકારો માટે ભારતના સક્રિય અભિગમને પ્રકાશિત કરશે અને કૃષિ સંશોધન અને નીતિમાં દેશની પ્રગતિનું પ્રદર્શન કરશે. ICAE 2024 યુવા સંશોધકો અને અગ્રણી વ્યાવસાયિકો માટે તેમના કાર્ય અને નેટવર્કને વૈશ્વિક સાથીદારો સાથે રજૂ કરવામાટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે. તેનો હેતુ સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવાનો, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નીતિનિર્માણને પ્રભાવિત કરવાનો અને ડિજિટલકૃષિઅને ટકાઉ કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં પ્રગતિ સહિત ભારતની કૃષિ પ્રગતિ દર્શાવવાનો છે. આ કોન્ફરન્સમાંલગભગ ૭૫ દેશોમાંથી લગભગ ૧,૦૦૦ પ્રતિનિધિઓ ભાગ લેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસની અસરકારક કામગીરી

ગુજરાત પોલીસના પ્રયાસોથી સાયબર ક્રાઇમનો ભોગ બનેલા ૨૮,૦૦૦ બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યાઃ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

રિફંડ અને હોલ્ડ પર મૂકવામાં આવેલી રકમમાં નોંધપાત્ર ફેરફાર, ૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨%ઃ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

બેંક ખાતું ફ્રીઝ કરવા અંગેની ગુજરાત પોલીસની પોલિસીમાં મહત્વપૂર્ણ ફેરફાર, આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમ જ ફ્રીઝ થશે

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજ્યનો ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવીરાખવાતેમજ નાગરિકોના ઇઝ ઓફ લિવિંગમાં વધારોકરવા માટે સતત પ્રયત્નશીલ છે. તાજેતરમાં, ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસકર્યો છે. સાયબર ક્રાઇમની તપાસમાં પીડિતોના સહયોગને કારણે અગાઉ લોક થઇ ગયેલા ૨૮,૦૦૦ બેંક ખાતાઓ હવે અનફ્રીઝ કરવામાં આવ્યા છે. બેંકખાતાઓ અનફ્રીઝ થવાથી પીડિતોને મોટી રાહત મળી છે. આ અંગે વધુ વિગતો આપતા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "ગુજરાતપોલીસદ્વારા સાયબર ક્રાઈમની અસરકારક તપાસના પરિણામે ૨૮ હજાર જેટલા બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. આ પગલું એ પીડિતોને નોંધપાત્ર રાહત આપશે જેઓ દગાખોરીથી પેમેન્ટ સ્વીકારીને છેતરપિંડીનો ભોગ બન્યા હતાઅથવા તોઅજાણતા આ પ્રકારની યુક્તિઓમાં ફસાઈ ગયા હતા." અટકાયતમાંરહેલી રકમ તેમજ રિફંડની રકમ અંગેની માહિતી આપતા ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રિફંડનીરકમઅને હોલ્ડપર એટલે કે અટકાયતમાં રહેલી રકમમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. તેમણે જણાવ્યું કે૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે, જે ૨૦૨૩માં માત્ર ૧૭.૯૩% હતી. ૩૦ જૂન, ૨૦૨૪ સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી કુલ રકમ રૂ.૧૧૪.૯૦ કરોડ છે અને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ રૂ.૫૩.૩૪ કરોડ છે. આ તફાવત દર્શાવે છે કે ઓથોરિટીએ સાયબર ક્રાઈમના પીડિતોને સમયસર રાહત મળે એ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધા છે. શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની તેમની પોલિસીમાં પણ સુધારો કર્યો છે. નવી પોલિસી અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દોષ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે, જે કુલ રકમને બદલે ખાતાનાએ ભાગને ફ્રીઝ કરે છે જે છેતરપિંડીથી અસરગ્રસ્ત હોય. તેઓ હવેઆખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલીચોક્કસ રકમને જ ફ્રીઝ કરશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે આ ફેરફારનો હેતુ મધ્યમ-વર્ગની વ્યક્તિઓપરનાનાણાકીય તણાવને ઘટાડવાનો છે, જેઓ આખું બેંક અકાઉન્ટ લોક થઈ જવાના કારણે મોટી મુશ્કેલીનો સામનો કરે છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, "મધ્યમ-વર્ગના લોકો સાયબર ક્રાઈમના લીધે આર્થિક રીતે પ્રભાવિત થયા હતા અને અકાઉન્ટ ફ્રીઝ થવાના કારણેતેઓપોતાનાખાતામાંરહેલી રકમને મેળવવા માટે અસમર્થ હતા.હવે તેમનાખાતાઓઅનફ્રીઝ થઈ જવાના કારણે તેઓએ મોટી રાહત અનુભવીછે. આપગલું એવા લોકો માટે ખરેખર રાહતદાયી છે જેઓ બહુ ધનવાન નથી અને મોટાભાગે રોજિંદાવ્યવહારો માટે તેમના બેંક ખાતાઓ પર આધાર રાખેછે." ઓથોરિટીએ વિનંતીકરી છે કેજેમને પણ એવું લાગતુંહોય કે તેમના બેંક ખાતાઓ ભૂલથી ફ્રીઝ કરવામાં આવ્યાછે તેઓ સાયબર ક્રાઈમમાં તેમની બિન-સંડોવણી દર્શાવતા પુરાવા સાથે આગળ આવે. એક પછીએકકેસના આધારે આ ખાતાઓની સમીક્ષા કરવામાં આવશે અને ત્યારબાદ આવા ખાતાઓને શક્યતઃ અનફ્રીઝ કરવામાં આવશે. ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલી આ નિર્ણાયક કાર્યવાહીસાયબર ક્રાઈમ પીડિતોને થતા અન્યાયને ઘટાડવાની તરફેણમાં લેવાયેલા નોંધપાત્ર પગલા દર્શાવે છે. ખાતા ફ્રીઝ કરવા અંગેના અભિગમમાં સુધારો કરીને તેમજ પીડિતોને આગળ આવવા માટે પ્રોત્સાહિત કરીને, ઓથોરિટી અસરગ્રસ્ત વ્યક્તિઓપર તાત્કાલિક નાણાકીય અસર અને સાયબર ક્રાઈમના વ્યાપક મુદ્દાબંને પર ધ્યાન કેન્દ્રિત કરીરહીછે.

અંગદાનમાં અગ્રેસર બની રહ્યું છે ગુજરાત :મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

અંગોનું વેઇટીંગ ઘટાડવા અંગદાન માટે સંકલ્પબધ્ધ બનીએ – આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

વર્ષ ૨૦૧૯ની સરખામણીમાં ગત વર્ષ ૨૦૨૩ માં અંગદાતાઓની સંખ્યામાં ૧૨૮ % અને અંગોના દાનમાં ૧૭૬ % નો વધારો થયો

છેલ્લા પાંચ વર્ષમાં કૂલ ૫૩૭ કેડેવર અંગદાન થી ૧૬૫૪ જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું

કમલમ્ ન્યુઝ,

૩ ઓગસ્ટ સમગ્ર દેશમાં ભારતીય અંગદાન દિવસ તરીકે ઉજવાય છે. લોકોમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ કેળવાયઅને વધુમાં વધુ લોકો અંગદાન કરે તે ઉમદા ભાવ સાથે સમગ્ર દેશમાં આ દિવસની ઉજવણી થાય છે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાતમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની સ્થિતિ અંગે જણાવ્યું હતુ કે, ગુજરાત રાજ્ય અંગદાન ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ૫૩૭ બ્રેઇનડેડ વ્યક્તિઓના અંગોના દાન થકી કૂલ ૧૬૫૪ અંગોનું દાન મળ્યુ છે. જેને જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરીને નવજીવન બક્ષાવામાં સફળતા મળી છે. જેમાં ૯૦૮કિડની, ૪૬૮લીવર, ૧૧૭ હૃદય, ૧૧૪ ફેફસા, ૧૪ સ્વાદુપિંડ, ૯ નાના આંતરડા અને ૨૪ હાથનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે,વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન રાજ્યમાં ૧૭૦ અંગદાન થયા હતા. કોરોનાકાળ બાદ રાજ્યમાં સર્વત્ર પ્રસરેલીઅંગદાનની જનજાગૃતિના પરિણામે ૨૦૨૨ થી ૨૦૨૪ (જુલાઇ) એટલે કે ૨.૫ વર્ષમાં ૩૬૭જેટલાઅંગદાન થયાછે. વર્ષ ૨૦૧૯ની સરખામણીમાંગત વર્ષ ૨૦૨૩ માં અંગદાતાઓની સંખ્યામાં ૧૨૮ % અને અંગોના દાનમાં ૧૭૬ % નો વધારો જોવા મળ્યો છે. હાલ રાજ્ય સરકારના સઘન પ્રયાસોના પરિણામે રાજ્યમાં કુલ ૯૯ઓર્ગન રીટ્રીવલ અને ૩૧ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર કાર્યરત થયા છે. જેના પરિણામે જ આજે જિલ્લા સ્તર સુધી અંગદાનની પ્રવૃત્તિનેવેગ મળ્યોછે. દિલ્હી ખાતે દર વર્ષે ૩ જી ઓગસ્ટ ભારતીય અંગદાન દિવસના ઉપલક્ષ્યમાં ઁ (નેશનલ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગનાઇઝેશન) દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરાય છે. જેમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સમગ્ર દેશમાં થતી વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર લોકો અને સંસ્થાઓનું સન્માન કરાય છે. આ વર્ષે આજે ૩ જી ઓગષ્ટે દિલ્હી ખાતે કૂલ ૨૧ કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી માટે બહુમાન થનાર છે. જેમાં ગુજરાતમાંથી અંગદાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનાર પાંચ વ્યક્તિ અને સંસ્થાઓનું બહુમાન થશે. તદ્અનુસાર "એકસેમ્પ્લાઇનરી વર્ક ઇન ફીલ્ડ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન" માટે I.K.R.D.C.ના ડાયરેકટર ડૉ. પ્રાંજલ મોદી, શ્રેષ્ઠ રીટ્રાઇવલ હોસ્પિટલ માટેઅમદાવાદ સિવિલ હોસ્પિટલ, શ્રેષ્ઠ બ્રેઇન સ્ટેમ ડેથ કમિટી માટે સુરત સિવિલ હોસ્પિટલ, બેસ્ટ કૉર્ડિનેટર માટે સુરત સિવિલ હોસ્પિટલનાડૉ. કેતન નાયક અને બેસ્ટસેવાભાવી સંસ્થા માટે ડોનેટ લાઇફ સંસ્થાનું બહુમાન કરાશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સરકાર, સમાજ , સેવાભાવી સંસ્થા અને મીડિયાના સહિયારા પ્રયાસોથી અંગદાનની જનજાગૃતિ સર્વત્ર પ્રસરી છે. પરંતુ હજુ પણ લોકો અંગદાન માટે પ્રતિજ્ઞા લઇને કોઇ જરૂરિયાતમંદને નવજીવન આપવા સંકલ્પ બધ્ધ બને તે દિશામાં કાર્ય કરવું જોઇએ. હાલ રાજ્યમાં કિડની માટે ૧૮૬૫, લીવર ૩૪૪, હૃદય ૧૯, ફેફસા માટે ૨૭ અને સ્વાદુપિંડ માટે ૯ વેઇટીંગ છે. આ વેઇટીંગ ઘટાડવા અનેનહિવત બનાવવા માટે આપણે સૌએ એકજૂટ બનીને પ્રયાસો કરવા પડશે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકની અધ્યક્ષતામાં 'સાયબર સંવાદ' યોજાયો

કમલમ્ ન્યુઝ, અમદાવાદ

રાજ્યમાં દિવસે દિવસે સાયબર ક્રાઇમમાં વધારો થઈ રહ્યો છે અને અનેક લોકો તેનો શિકાર બની રહ્યા છે ત્યારે અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા એક નવતર પહેલ કરવામાંઆવીછે. જે અંતર્ગત પખવાડિયા સુધી સ્કૂલો, કોલેજો, સોસાયટીઓઅને જાહેર સ્થળોએજઈને લોકોને સાયબર ફ્રોડ અંગે માહિતગાર કરી જાગૃતતા લાવવામાં આવશે. આ સાયબર સંવાદમાં ઉપસ્થિત સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તથા યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત જાણકારી અપાઈહતી જેમાંફાયનાન્સલ ફ્રોડ, ફેડેક્ષ કુરિયર ફ્રોડ, શેરમાર્કેટ ફ્રોડ, ક્રેડિટ કાર્ડ બિલ ફ્રોડ, ઓનલાઈન જોબ ફ્રોડ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ ફ્રોડ, ઓનલાઈન શોપિંગફ્રોડ, સોશિયલ મીડિયા ફ્રોડ, હનીટ્રેપ/ન્યૂડ વીડિયો કોલિંગ ફ્રોડ જેવા વિવિધ ફ્રોડ વિશે જાણકારી આપીહતી. આ ઉપરાંત પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ, બેંકના ખાતા, ઓનલાઇન ડોક્યુમેન્ટ, ગૂગલ એકાઉન્ટ અને મેઈલ આઈડી જેવા વિવિધપુરાવાઓ કેવીરીતે સુરક્ષિત રાખવા તેના વિશે પણ સમજ આપવામાં આવી હતી. ત્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકની અધ્યક્ષતામાં 'સાયબર સંવાદ' યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ સાયબર ક્રાઇમ અંગે લોકોને માહિતગાર કરીજાગૃતતા લાવવાનો હતો. 'સાયબર સંવાદ'માં પોલીસ કમિશનર જી.એસ.મલિકે લોકો સાથે કેવી રીતે સાયબર ફ્રોડ થાય છે તેની વિગતવાર સમજ આપીને સૂચન કર્યા હતા. આ ઉપરાંત કમિશનરએ સાયબર ક્રાઇમ થયેલા બનાવોની જાણકારી આપીને પણ માહિતગાર કર્યા હતા. 'સાયબર સંવાદ' અંતર્ગતયોજાયેલી પત્રકાર પરિષદમાં પોલીસ કમિશનર જી. એસ. મલિકે સાયબર ક્રાઇમ બાબતે પોલીસે કરેલી પ્રજાલક્ષી કામગીરીનો અહેવાલ આપતા જણાવ્યું હતુંકે, અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ દ્વારા ગઈ લોકઅદાલતમાં ભોગ બનનારના ફ્રિજ થયેલા નાણાં પરત અપાવવા અંદાજે ૨૯૯૮ જેટલા કોર્ટ ઓર્ડર કરી રૂ. ૧૭ કરોડ જેટલી રકમ ભોગ બનનારને પરત આપવાની પ્રક્રિયાચાલુ છે.

વધુમાં કમિશનરએ એકાઉન્ટ ફ્રિજ કરવાની નવી પોલિસી અંગે વાત કરતા કહ્યું કે, હવેથી કુલ રકમને બદલે ખાતાના એભાગનેફ્રિજ કરે છે જે છેતરપિંડી સાથે સંકળાયેલી રકમને જ ફ્રિજ કરશે. જેથી કરીને મધ્યમવર્ગના લોકો પર નાણાકીય તણાવ ઘટશે. વધુમાં તેમણે ઉમેર્યું હતુંકે, મધ્યમ વર્ગના લોકોના એકાઉન્ટ હવે સમયસર અનફ્રિજ થઈ જાય છે જેના કારણે તેઓ રાહત અનુભવે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાતપોલીસદ્વારા કરાયેલી આ પ્રકારની નિર્ણાયક કાર્યવાહી સાયબર ક્રાઇમ પીડિતોને થતા અન્યાયમાં ઘટાડો થયો છે અને અસરગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક સહાય મળી રહે છે. પોલીસ કમિશનર જી. એસ. મલિકે પત્રકારો અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને સંબોધતા કહ્યું હતું કે, આપના પ્રતિષ્ઠિત માધ્યમ થકી પણ સાયબર અવેરનેસની જાણકારી સમયાંતરે લોકો સુધી પહોંચે તેવી અપીલ કરી હતી. આ સંવાદમાં સંયુક્ત પોલીસ કમિશનર ક્રાઈમ શરદ સિંઘલે જણાવ્યું કે, આ 'સાયબર સંવાદ' નો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સાયબર ક્રાઈમ અંગેની માહિતીથી વાકેફ થઈ જાગૃતિ લાવવાનો છે. તેમણે સાયબર ક્રાઈમના ગુનેગારો કેવી રીતે અને ક્યાંથી સમગ્ર ફ્રોડ ઓપરેટ કરે છે તેના વિશે માહિતી આપી હતી. શરદ સિંઘલે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને તેમના માધ્યમ થકીલોકોમાંસાયબર અવેરનેસના મેસેજ પહોંચે તે અંગે સહયોગ આપવા કહ્યુંહતું. આઉપરાંત સૌને સાથે મળીને સાયબર સેફ અમદાવાદ બનાવવાની અપીલ પણ કરી હતી. આ સંવાદમાં સાયબર ક્રાઇમ ડીસીપી ડૉ.લવિના સિંહાએ સૌપ્રથમ સાયબર ક્રાઇમ વધવા પાછળના કારણો લાલચ, ભય, આળસ, અજ્ઞાનતાવિશે વાત કરીહતી.

વધુમાં તેમણે અમદાવાદ સાયબર ક્રાઇમદ્વારા કેવીરીતે લોકો સુધીસાયબર ક્રાઇમઅંગે જાગૃતતા લાવવા પ્રયાસોકરાઈ રહ્યાછે તેના વિશે માહિતી આપી હતી. તેમણે સાયબર ક્રાઇમનો ભોગ બનનાર લોકોને તુરંત સ્થાનિક પોલીસ સ્ટેશન અને સાયબર ક્રાઇમનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ડીસીપી લવિના સિંહાએ સૌલોકોને 'રિયલ વર્લ્ડ જેટલીજ તકેદારી રીલ વર્લ્ડમાં રાખીએ' તેવું સૂચન કર્યું હતું. આ 'સાયબર સંવાદ' માં અમદાવાદ સાયબર ક્રાઇમના એસીપી હાર્દિક માકડિયા તથા સાયબર ક્રાઇમ વિભાગના પીઆઈ, પીએસઆઈ અને પોલીસ કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં શહેરના પ્રતિષ્ઠિત સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્યની તમામ મહિલાઓની સુરક્ષા એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે:- ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

પરિવારજનોને રાજ્ય સરકારે આપેલી બાંહેધરી અને ગૃહમંત્રીશ્રીએ આપેલું વચન પૂર્ણ કરવા બદલ શ્રી મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ અને સમગ્ર સાધુ સમાજે માન્યો રાજ્ય સરકારનો આભાર

રાજ્ય સરકારે પોક્સો કેસ અંતર્ગત છેલ્લા ૩૨ દિવસમાં ૩૨થી વધુ પરિવારોને અપાવ્યો ન્યાય

કમલમ્ ન્યુઝ,

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી એ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યની તમામ મહિલાઓની સુરક્ષા એ રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે. દુષ્કર્મોના કેસોમાં નરાધમોને કડકમાં કડક સજા થાય એ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કડક આદેશો આપ્યા છે જેના ભાગરૂપે પોલીસ વિભાગ દ્વારા ત્વરિત કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યું કે, તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લાના જંત્રાખડી ગામે ગોસ્વામી સમાજની બાળકી પર થયેલ દુષ્કર્મના કેસમાં માત્ર ૨૫ દિવસમાં તમામ તપાસ પૂર્ણ કરીને કોર્ટ દ્વારા ફાંસીની સજા આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં છેલ્લા ૩૨ દિવસમાંપોક્સોના ૩૨ જેટલા કેસોમાં નામદાર કોર્ટ દ્વારા ચૂકાદા આપતાં, ૩૨ પરિવારોને ન્યાય અપાવવામાં સફળતા મળી છે. સ્વર્ણિમ સંકુલ- ૨ ગાંધીનગર ખાતે શ્રી મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના અધ્યક્ષ શ્રી રોહીતપુરી ગોસાઈ સહિત સાધુ સમાજના આગેવાનો ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીની મુલાકાતે આવ્યા હતા અને સમગ્ર સમાજવતી મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારનો આભાર માન્યોહતો. આ મુલાકાત દરમિયાન શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકામાંજે ઘટના બની છે તે ઘટના ખુબ ગંભીર છે. આ ઘટનાથી ગોસ્વામી સમાજ અને ગુજરાતના નાગરિકોમાં રોષ સ્વાભાવિકપણે જોવા મળ્યો હતો. ગુજરાતના નાગરિકોનીમાંગ હતી કે આવા નરાધમને ઝડપી ફાંસીની સજા થાય તે આજે પૂર્ણ થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે સમાજના અગ્રણીઓસાથે ઘટનાબન્યા બાદ રાજકોટમાં મુલાકાત થઈ હતી. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરવામાં આવી હતી. આ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે એફએસએલની મદદ લઈ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી ૨૫દિવસમાંતપાસપૂર્ણ કરીને ચાર્જશીટ કરી હતી. આ કેસ નામદાર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. આ નરાધમને ફાંસીની સજા અપાવવાનું વચન રાજ્ય સરકારે પાળ્યું છે તેમ જણાવી મંત્રીશ્રી એ કહ્યું હતું કે, ગોસ્વામી સમાજના તમામ કાર્યકરો અને આગેવાનોએ આ કેસ માટે જે સહકાર આપ્યો છે તે માટે હું સર્વે લોકોનો આભાર માનુ છું. આપ સૌ લોકોના સહયોગના કારણે રાજ્ય સરકાર બાળકીને ન્યાય અપાવવા સફળ રહી છે. રાજ્યમાં એકપણ ઘટના ન બને અને જો ઘટના બને તો પરિવારને ઝડપથી ન્યાય મળે તે દિશામાંરાજ્ય સરકાર કામ કરી રહી છે. તેમજ વર્ષોથી ચાલતા દીકરીઓના કેસોમાં તેમને ન્યાય અપાવી મારું કાર્ય રાજ્ય સરકારના મંત્રી તરીકે સિદ્ધ કરી શકું તેવા આશીર્વાદ સાધુ સંતો પાસે માંગ્યા છે.

તંત્રી સ્થાનેથી......

બેટી બચાવો બેટી પઢાવોયોજના અંતર્ગત દેડીયાપાડા સરકારી વિનયન કોલેજ ખાતે'નારીવંદનઉત્સવ' ૨૦૨૪, સપ્તાહિત ઉજવણીના પ્રથમ દિવસે 'મહિલા સુરક્ષા દિવસ' ની થીમ સાથે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રી જે.બી.પરમારે જણાવ્યુ હતુ કે, રાજ્ય સહિત નર્મદા જિલ્લાની મહિલાઓનો સામાજિક, આર્થિક તેમજ સર્વાંગી વિકાસ થાય, જિલ્લાની મહિલાઓ સન્માનભેર, સ્વાવલંબન અનેઉત્સાહભેર જીવન જીવે તે માટે તા. ૧ થી ૮ ઓગસ્ટ-૨૦૨૪ દરમિયાન મહિલા સુરક્ષા દિવસ, બેટીબચાવો- બેટી પઢાવો દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગીદિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્યદિવસની તબક્કાવાર ઉજવણી કરવામા આવનારછે. આ ઉજવણીનો મુખ્ય આશય મહિલાસશક્તિકરણ, સુરક્ષા અને વિકાસનેપ્રેરિત કરવાનો છે. મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે શરૂકરેલી ૧૮૧ અભિયમ હેલ્પ લાઈનપ્રોજેક્ટ તથા માતા અને દીકરીઓ ગુણવત્તાસભર અને સ્વાસ્થ્યપ્રદ જીવન જીવે તે માટે રાજ્ય સરકાર હરહંમેશ ચિંતિત રહી નારીઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે. જેનો લાભ નર્મદા જિલ્લાની આદિજાતિ બહેનો-દીકરીઓને મળે તેમજ નારી શક્તિને પ્રોત્સાહન મળે તે માટે જિલ્લા વહિવટી તંત્રએ હંમેશા પરિણામલક્ષીપ્રયાસો કરવામા આવી રહ્યા છે. નારી વંદન ઉત્સવની ઉજવણીમાંપોલીસ વિભાગ, આરોગ્ય, શિક્ષણ, આઈ.સી.ડી.એસ., રોજગાર, ઉદ્યોગ, રમત-ગમત,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગે પણ ઉત્સાહભેર ભાગીદારી નોંધાવીને પોતાના વિભાગો દ્વારા થતી કામગીરી અને સરકારશ્રી દ્વારા મહિલાઓને મળતા લાભો અંગે માહિતી આપવામા આવી હતી.

"દીકરીઓ ઉંચા ધ્યેય રાખી સપનાની ઉડાન ભરો, સરકાર તમારી સાથે છે": કલેકટરશ્રી કે.બી. ઝવેરી

કમલમ્ ન્યુઝ, મોરબી

મોરબી ખાતે નારી વંદન સપ્તાહની ઉજવણી અન્વયે શાળાની બાળાઓ તેમજ તેમના વાલીઓને માર્ગદર્શન આપવામોરબી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રીસરોજબેન ડાંગરોચાના અદયક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીની પ્રેરક ઉપસ્થિતિમાં મહિલા બેટી બચાઓ બેટી પઢાઓ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથકરવામાં આવે છે. મહિલાઓના સર્વાંગી વિકાસના મહત્વનાપરિબળોજેવાકે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણઅને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલા સક્ષમ થાય તેહેતુસરમહિલા અનેબાળ વિકાસ વિભાગ દ્વારા આ વર્ષે ૧ ઓગસ્ટ થી ૮ ઓગસ્ટ દરમિયાન 'નારી વંદન ઉત્સાહ સપ્તાહની ઉજવણી કરવામાં આવીરહી છે, જે અન્વયે મોરબીમાં શ્રીમતી એમ. પી. શેઠ ગર્લ્સહાઈસ્કુલ ખાતે'બેટી બચાઓ બેટી પઢાઓ દિવસ'ની ઉજવણી કરવામાં આવીહતી. આ ઉજવણી અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીએ નારી શક્તિની વાત કરતા જણાવ્યું હતું કે, વેદ પુરાણમાં કહેવાયુ છે કે, જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. હાલ સમાજનું ચિત્ર બદલાયું છે, અનેક કુરિવાજો દુર થઈ ગયા છે. ભ્રુણ પરીક્ષણઅને સ્ત્રીભૃણ હત્યા, દીકરીઓના શોષણ વગેરે અંગે સમાજમાં પરિવર્તન આવી રહ્યું છે અને સરકાર તેમજ સમાજના સહકાર થકી મહિલાઓનું સ્થાન બદલાઈ રહ્યુંછે.

મહિલાઓ પગભર બને તે માટે શિક્ષણને મહત્વ આપતા તેમણે દરેક દીકરીઓને લક્ષ્ય નિર્ધારિત કરી અભ્યાસ કરવા જણાવ્યું હતું અને ઉમેર્યુ હતું કે દીકરીઓ ઉંચા ધ્યેય રાખી સપનાની ઉડાન ભરો, સરકાર તમારી સાથે છે.

વધુમાંતેમણે જણાવ્યુંહતું કે, આજે મહિલાઓએ દરેક ક્ષેત્રે નામ કર્યુંછે, મહિલાઓ આજે રાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી, IAS, IPS અને પાયલોટ જેવા ઉચ્ચ હોદ્દા સુધી પહોંચી ચૂકી છે. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કવિતાબેન દવે દ્વારા સ્ત્રી ભૃણ હત્યા, ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડીનેટરશ્રી મયુરભાઈ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ

વિભાગની યોજનાઓ, બાળ સુરક્ષા એકમના રંજનબેન દ્વારા પોકસો એક્ટ તેમજ મેડિકલ ઓફિસરશ્રી આશાબેન જીવાણી દ્વારા Menstrual Hygiene પર કિશોરીઓને સવિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આકાર્યક્રમ અન્વયે સ્વાગત પ્રવચન જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જે.બી. ત્રિવેદીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ શ્રીમતી એમ.પી. શેઠ ગર્લ્સ હાઈસ્કુલના આચાર્યશ્રી દીપ્તિબેન અગ્રાવતે કરી હતી.

અમરોલીની આર. વી. પટેલ એન્ડવી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સમાં નેઈલ આર્ટસ્પર્ધાનું અયોજન થયું.

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત આર. વી. પટેલએન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી માં સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા .૧ ઓગસ્ટ,૨૦૨૪નાં રોજ Nail Art સ્પર્ધાનું આયોજન કરવામાંઆવ્યું હતું.જેમાં કોલેજની ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયકશ્રી નિધિજરીવાલા હાજર રહ્યા હતા. નેઈલ આર્ટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે- કાસોદરિયા જાનવી, દ્વિતીય ક્રમે -પટેલ મેશ્વાઅને તૃતીય ક્રમે વસવડા પીનલ વિજેતા તરીકે

જાહેરથયાહતા.વિજેતાવિદ્યાર્થીનીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિતકર્યા હતા. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન કોલેજના આચાર્ય ડૉ.મુકેશ આર ગોયાણી અનેબી.કોમ. કોર્ડીનેટર પ્રા. ભરત બસરાની ના નેતૃત્વ હેઠળ ડૉ. હેમાદ્રી ટીકાવાલા અને પ્રા.જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતુ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગમાં રકતદાન શિબિર યોજાયો

કમલમ્ ન્યુઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગમાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તારીખ ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સમાજને મદદ થવાના હેતુથી ૫૦ જેટલાબ્લડ યુનિટ સુરત રક્તદાન કેન્દ્ર અનેરીસર્ચ સેન્ટરઅને તેમની ટીમ દ્વારા ભેગા કરવામાં આવ્યા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનામાનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડો. આર. સી. ગઢવી એ હાજર રહીને રકત દાતાઓને

બિરદાવ્યા હતાતેમજ યૂનિવર્સિટી રાષ્ટ્રીય સેવાયોજનાવિભાગનાકો-ઓર્ડિનેટરશ્રી ડો. પ્રકાશચંદ્ર પટેલ હાજર રહીને સ્વયંસેવકોની કામગીરીને પ્રોત્સાહન પૂરું પાડ્યું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન વિભાગના કો-ઓર્ડિનેટરશ્રી ડો. ફાલ્ગુની એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજનાકો-ઓર્ડિનેટરશ્રીમુકેશ કે. રોહિત અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું.

રાણીપમાં કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા નારી વંદન સપ્તાહની ઉજવણી કરાઈ

વિદ્યાર્થિનીઓને મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાંદર વર્ષે તા. ૦૧ થી ૦૮ ઓગસ્ટ દરમિયાન 'નારી વંદન' સપ્તાહનીઉજવણી કરવામાંઆવે છે. 'નારી વંદન' સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે ૧લીઓગસ્ટ નારોજ મહિલાસુરક્ષા દિન નિમિત્તે આદર્શ નિવાસી શાળા, રાણીપ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ મહિલાલક્ષીયોજનાઓની માહિતી આપવામાં આવી હતી. ફિલ્ડ ઓફિસર શ્રીઆશાબેન દેસાઈ, પોલીસ સ્ટેશનબેઈઝ્ડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર શ્રી અન્નપૂર્ણાબેન અને ભૂમિકાબેન, શાળાના પ્રિન્સિપાલશ્રી ભરતભાઈ જી. પટેલ, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી શ્રી મીનાક્ષીબેન તેમજ શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમની ઉજવણી કરવામાંઆવી હતી.

ધોળકા ખાતે મહિલા સુરક્ષા દિવસે કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજાયો

ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫, પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ્ અને અન્ય મહિલાલક્ષી યોજનાઓ વિષે માહિતી અપાઈ

કમલમ્ ન્યુઝ,

'નારીવંદન' સપ્તાહ અંતર્ગત ૧લીઓગસ્ટે મહિલાસુરક્ષા દિવસ નિમિતે ધોળકાના વટામણ ગામ ખાતે મહિલાઓ માટે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ વિષય ઉપર કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા મહિલા કલ્યાણકારી યોજનાવિશે માહિતી આપવામાં આવી હતી. બોપલ મ્જીઝ્નાં કાઉન્સેલર શ્રી પારુલબેને પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના વિશે માહિતી આપી હતી. તદુપરાંત, ૧૮૧ ટીમ દ્વારા અભયમ્ મહિલા હેલ્પલાઈનવિશે સમજ આપવામાંઆવીહતી. એડવોકેટ શ્રી એસ.એમ. પઠાણ અને પેરા લીગલ વોલેન્ટીયર શ્રી હેતલબેન એ. રાઠોડદ્વારા ઘરેલુહિંસા અટકાયતકાયદા-૨૦૦૫ વિશેસમજ આપવામાં આવી હતી.

ભુજહાટખાતે રાખી મેળા મહોત્સવનો પ્રારંભ કરાવતા ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિકુંજ પરીખ

ભુજ હાટ ખાતે ૭ ઓગસ્ટ સુધી આયોજિત રાખી મેળા મહોત્સવમાં રાખડી સહિત હસ્તકળાની વસ્તુઓની ખરીદી કરવા જાહેરજનતાને અનુરોધ



૧૯ થી વધારે સ્ટોલમાં કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટીંગ, કચ્છી પેચ વર્ક સહિતની વસ્તુઓ ખરીદી માટે ઉપલબ્ધ

કમલમ્ન્યુઝ, ભુજ

ભુજ હાટ ખાતે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખે રિબિન કાપીને રાખી મેળા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતરાજ્યના સંયુક્ત ઉપક્રમે ભુજ શહેરમાં ભુજ હાટ ખાતે ૧થી ૭ ઓગસ્ટ સુધી રાખી મેળા મહોત્સવનું આયોજન કરવામાંઆવ્યું છે. જિલ્લા મહિલા અને બાળઅધિકારીશ્રી અવનીબેન દવેએ શ્રી પરીખને આવકારીને તમામ સ્ટોલની વિઝિટ કરાવીને વિસ્તૃતજાણકારી આપીહતી ભુજ હાટ ખાતે ૭ ઓગસ્ટ સુધી ચાલનારા રાખી મેળા મહોત્સવમાં કચ્છની જાહેરજનતાબપોરના ૧૨ કલાકથી રાત્રિના ૧૦ કલાક સુધી રાખડી સહિત અવનવી હસ્તકળાની ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશે. રાખી મેળા મહોત્સવમાં હાથ બનાવટની રાખડી સહિત ભાતીગળ હાથશાળ હસ્તકલાનું પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાંઆવ્યુંછે. ખાસ કરીને મહિલાઓને રોજગારી મળે અનેતેઓપોતાનીવસ્તુઓનું વેચાણ કરીને આવક રળીશકે તે માટે આ મેળાનું આયોજન ગુજરાત સરકારશ્રી દ્વારા કરવામાંઆવ્યું છે. રાખી મેળામહોત્સવમાં ભુજ હાટ ખાતે હાથશાળ, હસ્તકલા, માટીકામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખબ્લોક પ્રિન્ટીંગ, કચ્છીપેચ વર્ક, ટાંગલીયા,મશરૂ, કલમકારી, કાષ્ટકલા અને ટેરાકોટા સહિતની વસ્તુઓ જાહેરજનતાને ઉપલબ્ધ થાય તે માટેના ૧૯થી વધારે સ્ટોલ ઊભા કરવામાંઆવ્યા છે. ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખે વિવિધ સ્ટોલની મુલાકાત લઈને મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. શ્રી પરીખે સ્ટોલધારક મહિલાઓને ઓફલાઈન તેમજ ઓનલાઈન વેચાણ કરવા માર્ગદર્શન આપીને સરકારશ્રી દ્વારા તમામ સહયોગઆપવામાં આવશે તેમ ખાતરી આપી હતી. ઈન્ચાર્જ જિલ્લા વિકાસઅધિકારીશ્રી નિકુંજ પરીખ અને જિલ્લા મહિલા બાળ અધિકારીશ્રી અવનીબેન દવેએ કચ્છની જાહેરજનતાને રાખડી સહિત હસ્તકલાની વિવિધ વસ્તુઓ માટે ભુજ હાટની મુલાકાત લઈને ખરીદી કરવા માટે અનુરોધ કર્યો હતો

ડાંગ જિલ્લાની 'એકલવ્ય' શાળાઓમાં ૨૭૭૨ બાળકો ગુણવતાલક્ષી શિક્ષણ મેળવી રહ્યા છે

વિશ્વ આદિવાસી દિવસની સાથે સાથે વનબંધુઓના સર્વાંગી વિકાસનો ભાવિ રોડમેપ 'એકલવ્ય' શાળાઓ

કમલમ્ન્યુઝ, આહવા

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિજાતિના ગરીબ બાળકોને પણ શહેરો જેવી સુવિધાવાળુંશિક્ષણ મળીરહે, અને તેઓ ઉચ્ચ કારકિર્દીહાંસલકરીશકે તે માટે ભારતસરકાર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસોથી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત 'ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી' દ્વારા, રાજ્યભરમાંશૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે. ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સહિત ગિરિમથક સાપુતારા, માલેગામ, બારીપાડા, ચિંચલી, મહાલ, અને ગારખડી જેવા પુર્વિપટ્ટીના સરહદી ગામો સહિત સાપુતારા ખાતે ખાસ કન્યાઓ માટેની શાળા મળી જિલ્લામાં સાત જેટલી 'એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ' ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી દ્વારા ચલાવવામાં આવી રહી છે. જેમાં ૧૩૦૨ કુમાર અને ૧૪૭૦ કન્યા મળી કુલ-૨૭૭૨ આદિજાતિ પરિવારનાબાળકો શ્રેષ્ઠ સાધન સુવિધા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે. આ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સરકારે સ્માર્ટ ક્લાસ રૂમ, ઉત્તમ સાયન્સ અને કોમ્પ્યુટર લેબ, રમત ગમતના સાધનો અને મેદાન, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, પૂરતાટોઈલેટ બાથરૂમની સુવિધા પૂરી પાડવા સાથે, દરેક વિદ્યાર્થીઓને બે ટાઈમ પૌસ્ટિક ભોજન, અને બે ટાઈમ ભરપેટ નાસ્તો પણ આપવાની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. અંહીના વિધ્યાર્થીઓ માટે હોસ્ટેલમાં વિદ્યાર્થી દીઠ બંક બેડ, ગાદલાં, ઓશિકા, બ્લેકેટ, ટુવાલ તથા પૂરતા પ્રમાણમાં ટોઈલેટરીઝ પણ વિના મૂલ્યે આપવામાં આવે છે. પ્રત્યેક વિદ્યાર્થીઓને સંપૂર્ણ યુનિફોર્મ, અને પૂરતા પ્રમાણમાં સ્ટેશનરી તથા પુસ્તકોપણ વિના મૂલ્યે પૂરા પાડીને ખાનગી શાળાઓને પણ ટક્કર આપેતેવું સમગ્રતયા વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.

આ શાળાઓમાં૭ આચાર્યો સહિત ગુરૂજનો તેમજ શૈક્ષણિક કર્મચારીઓ, આ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે તેમના સર્વાંગિણ વિકાસ માટેની તનતોડ મહેનત કરી રહ્યા છે. આ શાળાઓની વિશેષતાએ છેકે અંહી પૂરતાશિક્ષકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફ હોવાથી તેઓ પ્રત્યેક વિદ્યાર્થીઓ ઉપર વ્યક્તિગત ધ્યાન આપી શકે છે. સને ૨૦૧૮/૧૯ થી ડાંગમાં શરૂ થયેલી 'એકલવ્ય' શાળાનું ધો-૧૦ અને ધો-૧૨નું પરિણામ પણ ઉત્તરોત્તર સુધરતું રહે છે. આમ, વનબંધુઓના સર્વ સમાવેશક વિકાસની નેમ રાજ્ય સરકાર, આદિજાતિ પરિવારોમા શિક્ષણનો ઉજાશ ફેલાવી વનબંધુઓનો સર્વાંગીવિકાસ કરવા માટેનો ભાવિ રોડમેપ તૈયાર કરી રહી છે.

આહવા ખાતે યોજાઇ પોલીસ અને પ્રેસની 'ચર્ચા વાર્તા'

ઓનલાઇન ફ્રોડ થાય તો ૧૯૩૦ પર કોલ કરી શકો - શ્રી યશપાલ જગાણીયા

ઓનલાઇન થતા ફ્રોડથી પ્રજાજનોને અવગત કરવા જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાની અપીલ

કમલમ્ન્યુઝ, આહવા

ટેક્નોલોજીના આ યુગમાં હજારોલોકો સાઈબર ફ્રોડનો શિકાર થતા હોય છે. જેનાથી પૈસા પરત મળવાની સંભાવનાઓ ઓછી થઈ જતી હોય છે. ત્યારે પ્રજાજનોને ઓનલાઈન ફ્રોડનો શિકાર થતાં અટકાવવા, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીયશપાલ જગાણીયાના અધ્યક્ષ સ્થાને આહવા ખાતે એક 'પ્રેસ મિટ' યોજાઈ હતી. જેમાં જિલ્લા પોલીસવડાએ ઓનલાઈન ફ્રોડ થાય તો ૧૯૩૦ પર તુરંત કોલ કરવા જણાવ્યું છે. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ 'પ્રેસ મિટ'માં જિલ્લાપોલીસ વડાએ જણાવ્યું હતુ કે, આજના ટેક્નોલોજીના યુગમાં ખુબ જ બહોળા પ્રમાણમાં ઓનલાઈ ફ્રોડ થતા હોય છે. લોકો ઓનલાઈન બેંક્રિગ, ઓનલાઈન શોપિંગ તેમજ ઓનલાઈન ટ્રાંજેક્શનનો ઉપયોગ કરતાંહોય છે ત્યારે, લોકોસાથે સાઈબર ફ્રોડ થતાં હોય છે. જે અંગેની ફરિયાદ ૧૯૩૦હેલ્પલાઈન નંબરપર ફ્રોલ કરીને જણાવી શકાય છે. ડાંગ જિલ્લામાં છેલ્લા છ મહિના દરમિયાન ૨૦૦ થી વધુ અલગ અલગ ઓનલાઈન ફ્રોડ થયા અંગેની ફરિયાદો નોંધાઈ છે. જે કોર્ટની પ્રક્રિયા બાદ અરજદારોને રકમ પરત કરવામાં આવશે. ઓનલાઈન ફ્રોડ અલગ અલગ અલગ રીતે થાય છે. જેમાં આઈડેન્ટીટી ફ્રોડ, ક્રેડિટ-ડેબીટ કાર્ડ ફ્રોડ, ઓનલાઈન શોપિંગફ્રોડ, જુદી જુદી કંપનીઓ દ્વારા લોન આપવા અંગે ફ્રોડ, રેલવે-બસ-હોટેલ ટિકિટ બુકિંગ, બેંક્રિગ ફ્રોડ, સોશિયલ મીડિયાફ્રોડ, ફેકએકાઉન્ટના નામે ફ્રોડ, ઓનલાઈન વિડીયો કોલિંગ ફ્રોડ, કેવાયસી ફ્રોડ, જેવા અલગ અલગ પ્રકારના ફ્રોડ થાય છે. આ પ્રકારના ફ્રોડ થાય તો તુરંત ૧૯૩૦ પર કોલ કરવા, તેમજ અજાણી લિંક પર ક્લિક કરવું નહિં, તેમ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાએ જણાવ્યું હતું.

મોરબી ખાતે 'મહિલા સુરક્ષા દિવસ' અન્વયે 'ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫' વિશે જાગૃતી સેમીનાર યોજાયો



કમલમ્ન્યુઝ, મોરબી

જિલ્લા વહીવટી તંત્ર તથા મહિલા અને બાળ અધિકારીની કચેરી મોરબી દ્વારા તા. ગત ૦૧/૦૮/૨૦૨૪ ના સરદાર વલ્લભભાઈ પટેલ કન્યા છાત્રાલય, શનાળા રોડ, મોરબી ખાતે 'નારીવંદન ઉત્સવ' અંતર્ગત 'મહિલા સુરક્ષા દિવસ' અન્વયે 'ઘરેલુંહિંસા અધિનિયમ-૨૦૦૫' વિશેજાગૃતીસેમીનાર, સ્વ રક્ષણના વિવિધ દાવનું નિદર્શન, SHE TEAM વિશે જાગૃતિ તથા સાઈબર ક્રાઈમ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોરબી જિલ્લા પંચાયત સદસ્યશ્રી જાનકીબેન કૈલા દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને હાલના સમયમાં દીકરીઓને ઘર તથા આજુબાજુમાં તેમજ શાળાના વાતાવરણમાં પોતાની માનસિક શાંતિ તથા સુરક્ષા કઈ રીતે રાખવી તે અંગે સંદેશો આપ્યો હતો. મહિલા પોલીસ સ્ટેશન મોરબીના પોલીસ ઈન્સ્પેકટરશ્રી પી.એચ. લગધીરકા દ્વારા મહિલા સામે થતા અત્યાચાર અન્વયે રક્ષણ માટે પોલીસની ભૂમિકા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ગુજરાત પોલીસ સુરક્ષા સરંક્ષણ તાલીમ(કરાટે)માંથી શ્રી ગોપાલભાઈ દ્વારા દીકરીઓ/મહિલાઓને માનસીક રીતે સક્ષમ કેમ બનવુંતથા હિંસાસામે પ્રતિકાર કઈ રીતે કરવો એ બાબતે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. પોલીસ કોન્સ્ટેબલશ્રી અશોકસિંહ દ્વારા સાયબર ક્રાઈમ અંતર્ગત સમજૂતી આપવામાં આવી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના એડવોકેટશ્રીદિપાલીબેન પરમાર, મહિલા પી.એસ. આઈ.શ્રી પી. આઈ.સોનારાતથા સંકલ્પહબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેનનામિશન કોર્ડીનેટરશ્રી મયૂરભાઈ સોલંકી દ્વારા કાર્યક્રમના વિષય અનુરૂપ ઉપસ્થિત વિધાર્થીનીઓને માર્ગદર્શનઆપ્યું હતું.મહિલા અને બાળ અધિકારીશ્રી જે.બી. ત્રિવેદી દ્વારા મહિલા અને બાળ અધિકારીની કચેરીમાં ચાલતી વિવિધ મહિલાલક્ષી યોજનાઓ વિશે માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંકલ્પ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેન DHEW-મોરબીના જેન્ડર સ્પેશ્યાલિસ્ટરશ્મીબેન વિરમગામા દ્વારા કાર્યક્રમની આભારવીધી કરવામાંઆવી હતી.

અમદાવાદ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક ખેતી વિસ્તરણ કાર્યકરોની તાલીમ યોજાઈ

તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય એ આજના સમયની માંગ છે:-જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે

અમદાવાદ જિલ્લાના વિવિધ ગામના ૧૧૫ જેટલાં ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ તાલીમ સહિત વિવિધ સહાય યોજનાઓ સંદર્ભે માહિતી મેળવી

કમલમ્ ન્યુઝ,
રાજ્ય સરકારના સફળ પ્રયત્નોના પરિણામે ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધીરહ્યો છે. રાજ્યમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. રાજ્યના કૃષિ અને બાગાયત વિભાગ સહિત આત્મા (એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ બાબતે તાલીમ અને માર્ગદર્શન પૂરું પડવાપૂરતા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે આજે અમદાવાદમાં આવેલ સાબરમતીખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે જિલ્લા વિકાસઅધિકારીશ્રી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક ખેતી વિસ્તરણ કાર્યકરોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા અનુરોધ કરતા જણાવ્યું કે, અમદાવાદ જિલ્લાના તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય એ આજના સમયની માંગછે. વધુમાંવધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એ માટે રાજ્ય સરકારે અભિયાન ઉપાડ્યું છે ત્યારે આપણે પણ એ દિશામાં આગળ વધી સુખી- સમૃદ્ધ અને તંદુરસ્ત જીવન જીવીએ. આજે યોજાયેલા આ તાલીમ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાના પાંચ તાલુકાના ગામના ૧૧૫ જેટલાં ખેડૂતો સહભાગી થયા હતા. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, બાગાયતીપ્રાકૃતિક કૃષિ, પશુપાલન સહિત વિવિધ સહાય યોજનાઓ સંદર્ભે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમના પ્રારંભમાં અમદાવાદ જિલ્લા આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી કે.કે.પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. જિલ્લા ખેતી અધિકારીશ્રી એચ.આઈ.પટેલ, પ્રાકૃતિક ખેતી જિલ્લા સંયોજકશ્રી ગજેન્દ્ર સિંહ વાઘેલા, જિલ્લા સહ સંયોજકશ્રી શક્તિસિંહ વાઘેલા તેમજ અમદાવાદના વિવિધ તાલુકા અને ગામમાંથીપધારેલ ખેડૂતોઅને ખેતી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર જિલ્લા પોલીસની સાઈબર ક્રાઈમ અંગે નોંધપાત્ર કામગીરી જોવા મળી

કમલમ્ ન્યુઝ, જામનગર,
જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે સાયબર ક્રાઈમની કામગીરી સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં જામનગર જીલ્લાની સાયબર ક્રાઈમ અંગે કામગીરી જેવી કે, લોકોના સાયબર ક્રાઈમમાં બ્લોક કરાવેલનાણા, સાયબર અવેરનેસ, નાણાપરત (રીફંડ) જેવી પ્રજાલક્ષી કરવામા આવતી કામગીરી બાબતે પ્રજાજનોમાં સાયબર ક્રાઈમ બાબતે જાગ્રુતતા આવે તે અંગે વિગતો આપવામાં આવી હતી. જામનગર સાઈબર પોલીસ સ્ટેશનને જાન્યુઆરી થી જૂન ૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન રૂ. ૧૧ કરોડ ૯ લાખ ૩૧૪૬૦ જામનગર જિલ્લાની જનતાએ ગુમાવી હોવાની ફરિયાદ મળી હતી. જે તમામ ફરિયાદના અનુસંધાને સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાંઆવી હતી જેના ભાગરૂપે ૪ કરોડ ૬૯૦૦૦થી વધુની રકમ ફ્રીઝ કરાવી દેવામાં આવીછે. જેમાંસ્થાનિક અરજીઓ તથા એફ.આઈ.આર પરથી ૪ લાખ ૨૩હજારની રોકડરકમ પરત પણ અપાવીદીધીછે. તથા નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ અરજીઓ પરથી૧ કરોડ૯૩લાખ ૫૪ હજારની રકમ પરત અપાવવાની કામગીરી ચાલુ છે. ૩૧/૦૭/૨૪ ના રોજ ૦૨ ગુના દાખલ થયેલ છે જેમા કુલ રૂ.૭૫,૩૬,૦૦૦/- રૂપીયાનુ ફ્રોડ થયેલ હોય જેમાથી રૂ.૩૧,૦૦,૦૦૦/-હોલ્ડ થયેલ છે જે પરત અપાવવાની કામગીરી હાલ પો.સ્ટે ખાતેથી કરવામાઆવેલ છે. તેમ જિલ્લા પોલીસ વડા દ્વારા વિગતો આપવામાં આવી હતી. તેમજ સાયબર સેલની સમગ્ર ટીમને જિલ્લા પોલીસવડાએ અભિનંદન પાઠવ્યા હતા. જામનગર જિલ્લાના નાગરિકોને ઓનલાઈન ફ્રોડથી બચવા માટે અને જનજાગૃતિમાટે ચાલુ વર્ષે ૧૯ જેટલા સેમીનાર યોજવામાં આવ્યા હતા. સાથોસાથ આબાબતે લોકોને સાયબર ફ્રોડ અંગેની વિશેષ જાણકારી અને માહિતી મળે તે પ્રમાણેની તાલીમ પણ આપવામાં આવીરહી છે. જો આપની સાથે પણ સાઈબર ક્રાઈમ થાય તો તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૯૩૦ નંબર ઉપર ફોન કરવો તેમ જ નેશનલ ટાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપર www.cybercrime.gov.in ઉપર પણ જાણ કરી શકાય છે આ હેલ્પલાઈન ૨૪ ટ ૭ દરમ્યાન કાર્યરત રહે છે. આ હેલ્પલાઈન મારફતે કોઈપણનાગરીક કોઈપણ સમય અને સ્થળ ઉપરથી ઓનલાઈન ફરીયાદ આપીશકે છે. આ ઓનલાઈન ફરીયાદ આધારે સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, જામનગર જિલ્લાસાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન તેમજ જિલ્લાના સ્થાનિક પોલીસસ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે. સાયબર ફ્રોડના કિસ્સામાં સર્વે નાગરિકોને તુરંત જ ૧૯૩૦ નંબર પર સંપર્ક કરવા જિલ્લાપોલીસ વડા પ્રેમસુખ ડેલુંદ્વારા જણાવવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ એસ.પી. કચેરી ખાતે યોજેલી પત્રકાર પરિષદ

સાઈબર ક્રાઈમ હેઠળ છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોની રૂપિયા ૨૦ લાખ જેટલી રકમ પરત અપાવતા નર્મદા જિલ્લા સાઈબર ક્રાઈમ પોલીસની ટીમ

સાઈબર ક્રાઈમના ગુનાઓને ઉકેલવામાં નર્મદા જિલ્લા સાઈબર ક્રાઈમ પોલસની કામગીરી રાજ્યમાં નોંધપાત્ર, રેન્જ આઈજી દ્વારા કરાયેલા ઈન્સ્પેક્શનમાં પણ કામગીરીની સરાહના કરાઈ : નર્મદા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે

કમલમ્ ન્યુઝ, રાજપીપલા
રાજ્યનો ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસ રાજ્યમાં કાયદો અનેવ્યવસ્થા જાળવીરાખવાતેમજ નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારોકરવા માટે સતત પ્રયત્નશીલ છે. તાજેતરમાં, ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસ કર્યોછે. તેમાંનર્મદા જિલ્લા પોલીસની કામગીરી પણ નોંધપાત્ર રહી છે. નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની અધ્યક્ષાતામાં સાઈબર ક્રાઈમ અંતર્ગત જિલ્લામાં થયેલી કામગીરીનો ચિતાર આપવા અંગે એસ.પી. કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ વેળાએ સહાયક પોલીસ અધિક્ષક લોકેશ યાદવ અને પી.આઈ. આર.જી. ચૌધરી પણ હાજર રહ્યાહતા. નર્મદા જિલ્લામાં સાયબર ક્રાઈમની ટીમદ્વારા થયેલી કામગીરીની વિગતો આપતા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ જણાવ્યું કે, સમગ્ર જિલ્લામાં અત્યાર સુધી સાઈબર ક્રાઈમની ઠગાઈનો ભોગ બનેલા લોકોની રૂપિયા ૨૯ લાખની રકમ ફ્રીઝ કરવામાં આવી હતી. જે પૈકી નામદાર કોર્ટ મારફતે અરજદારોને અત્યારસુધીમાં રૂપિયા ૨૦ લાખ જેટલી રકમ પરત અપાવીછે. જ્યારે રૂપિયા ૯ લાખ પરત અપાવવા માટે કાર્યવાહી ચાલી રહી છે. પોલીસઅધિક્ષક એવધુમાં જણાવ્યું કે, સાઈબર ક્રાઈમના ગુનામાં પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની પોલિસીમાંસુધારો કરવામાં આવ્યો છે. નવી પોલિસી અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દોષ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે, જે કુલ રકમને બદલે ખાતાના માત્ર એટલા જ ભાગને ફ્રીઝ કરે છેજે છેતરપિંડીથી અસરગ્રસ્ત થયો હોય. જેથી હવે આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડીસાથેસંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરાશે. રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈપટેલ અનેગૃહ વિભાગ દ્વારા આ ફેરફારનો જે નિર્ણય કરવામાં આવ્યો છે તે ખૂબજ સરાહનીય છે. નર્મદા જિલ્લાના નાગરિકોને સાઈબર ક્રાઈમની છેતરપિંડીથી બચવા માટે અને ભોગ બનેલા નાગરિકોએ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર સંપર્ક કરવા પોલીસ અધિક્ષક એ ખાસ અપીલ કરી હતી. સાથોસાથ નર્મદા જિલ્લા સાઈબર ક્રાઈમની ટીમ દ્વારા કરવામાં આવેલી કામગીરીની પ્રસંશા કરતા કહ્યું કે, સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લા સાઈબર ક્રાઈમ પોલીસની કામગીરી નોંધપાત્ર રહી છે. જેની તાજેતરમાં જ રેન્જ આઈજી દ્વારા કરાયેલા ઈન્સ્પેકશનમાં પણ પોલીસની આ કામગીરીને બિરદાવાઈ હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્યમાં રિફંડની રકમ અને હોલ્ડ પર એટલે કે અટકાયતમાં રહેલી રકમમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. જેમકે, વર્ષ- ૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે, જે વર્ષ ૨૦૨૩માં ૧૭.૯૩% હતી. ૩૦ જૂન, ૨૦૨૪ સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી કુલ રકમ રૂપિયા ૧૧૪.૯૦ કરોડ છેઅને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ રૂપિયા ૫૩.૩૪ કરોડ છે. જે ઘટાડાનો તફાવત દર્શાવે છે.

આગામી વર્ષોમાં વિધાનસભા–૬૮ની વિકાસ યાત્રા વધુ વેગવંતી બનાવવાનો નિર્ધાર વ્યકત કરતા ઉદય કાનગડ

વોર્ડ–૩ના રેલનગર વિસ્તારમાં પેવિંગ બ્લોક કાર્યથી લોકોની સુખ– સુખાકારી અને સુવિધામાં વધારો થશે

વિધાનસભા–૬૮માં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂા.૧૬ લાખથી વધુના ખર્ચે વોર્ડ–૩ના રેલનગરના વિવિધ વિસ્તારોમાં પેવિંગ બ્લોક કામનું ખાતમુર્હુત કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા.

કમલમ્ ન્યુઝ,
૬૮–રાજકોટ, વિધાનસભા, વોર્ડ–૩ માં રેલનગરના વિવિધ વિસ્તારો અને સોસાયટીમાં ધારાસભ્ય ઉદય કાનગડની ગ્રાન્ટમાંથી રૂા. ૧૬ લાખથી વધુના ખર્ચે પેવીંગ બ્લોક કામનું ખાતમુર્હુત ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, વોર્ડના કોર્પોરેટર અલ્પાબેન દવે, વોર્ડપ્રમુખ હેમભાઈ પરમાર સહિતના ઉપસ્થિત રહયા હતા. આ તકે રેલનગરમાં ઓમ રેસીડન્સી, મા કોમ્પલેક્ષવાળી શેરી, ક્રિષ્ના બંગલો પાસે, કૃષ્ણેશ્વર મહાદેવમંદિર, શ્રી રામ પાર્ક તેમજ સાઈબાબા સોસાયટી વિસ્તારમાં પેવિંગ બ્લોક કામનું ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. આતકે સ્થાનીક રહેવાસીઓ વિસ્તારની બાળાઓ ધ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ અને અશ્વિન મોલીયાનું કુમકુમ તિલક અને ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ.તેમજ સ્થાનીક લતાવાસીઓ ધ્વારા વિધાનસભા–૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનો વિસ્તારમાં અગણિત વિકાસ કાર્યોની ભેટ અર્પણ કરવા બદલ આભાર વ્યક્ત કરાયોહતો. આ તકે વોર્ડના કાર્યકર્તાઓ રણધીરભાઈ સોનારા, હિંમતભાઈ, ઈલાબેન પડીયા, હીનાબા, વિલાસબા સોઢા ,હીતેશબારોટ, કરણભાઈ તેમજ વોર્ડ સંગઠનના વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ–બહેનો તેમજ સ્થાનીક રહેવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આતકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર ધ્વારા 'જયા માનવી ત્યા સુવિધા' ના મંત્રને સાકાર કરતા અનેક વિકાસ કાર્યો હાથધરાયા છેઅને છેવાડાના માનવીનો વિકાસ તે દિશામાં ભાજપ સરકાર કાર્ય કરીરહી છે, ત્યારે વિધાનસભા–૬૮ ના વોર્ડ–૩ના રેલનગર વિસ્તારમાં પેવિંગ બ્લોક કાર્યથી લોકોની સુખ–સુખાકારી અને સુવિધામાં વધારો થશે. તેમજ પ્રાથમિક સુવિધાસભર કામોથી સુખ, સુખાકારી અને સગવડતામાં વધારો થાય અને લોકોનું જીવન સરળ બને તે માટે વિવિધ વિકાસપ્રકલ્પોના ખાતમુર્હુત કરવાનો અવસર મળ્યો હોવાનું જણાવી આગામી વર્ષોમાં વિધાનસભા–૬૮ની વિકાસ યાત્રા વધુ વેગવંતી બનાવવાનો નિર્ધાર વ્યકત કર્યોહતો.

અમેરિકામાં અતિ ભવ્ય રીતે ઉજવાયો લોયાધામ મહોત્સવ -૧

કમલમ્ ન્યુઝ,
શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામની શાખા શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ ન્યુજર્શીના ૧૦ વર્ષ પૂર્ણ થયા તે અવસરે પરમ પૂજ્ય ગુરૂવર્ય શાસ્ત્રીજી સ્વામીશ્રી ઘનશ્યામપ્રકાશ દાસજી સ્વામીની પ્રેરણાથી લોયાધામ પરિવારના સર્વે ભક્તો માટે લોયાધામ મહોત્સવ–૧નું આયોજન ૨૦ થી ૨૮ જુલાઈ ૨૦૨૪ સુધી નવ દિવસ માટે થયું હતું. જેમાં પ્રથમ ચાર દિવસ **Poconos Pennsylvania** માં **Chateau Resort** માં લોયાધામ પરિવારના ભક્તોના સર્વાંગી વિકાસ માટે શિબિરનું આયોજન થયું હતું. જેમાં બાલ-બાલિકા શિબિર, કિશોર-કિશોરી શિબિર તેમજ યુવા-યુવતી શિબિરનાં આયોજન દ્વારા નવી પેઢીમાં સંસ્કાર, સત્સંગ અને શિસ્તનું સુંદર સિંચન કરવામાં આવ્યું હતું. પૂજ્યપાદ ગુરુજીની પાવન નિશ્રામાં આયોજિત આ શિબિરની થીમ **Unity** -એકતા રાખવામાં આવીહતી. ચાર દિવસ સુધી આ એક વિષયને અનુરૂપ અનેક પ્રકારના આયોજનો અને **Presentation** વિગેરે કરવામાં આવ્યા અને દરેક ભક્તોમાં આત્મીયતા અને સંપ સુદ્રઢ બને એવા દિવ્ય કાર્યક્રમો યોજાયા હતા. ૩૦૦ કરતા વધારે ભક્તોએ આ શિબિરનોદિવ્ય લાભ લીધો હતો.એવી જ રીતે સોનામાં સુગંધ ભળે તેમ આ શિબિર દરમિયાન ગુરુપૂર્ણિમા ઉત્સવનું પણ અતિ દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોયાધામ પરિવારના ઘણી મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પૂજ્ય ગુરુજીનાંપૂજનનો લાભ લીધોહતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. એવી જ રીતે ૨૪ થી ૨૮ જુલાઈ સુધી પાંચ દિવસમાં લોયાધામ મંદિરમાં બિરાજમાન પીયુડા શ્રી ઘનશ્યામ મહારાજના દસમાં પાટોત્સવ નિમિત્તે **Ukranian CulturalCenter–Hall** માં અતિ દિવ્ય લોયાધામ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ૭૦૦કરતાં પણ વધારે ભક્તોએ લાભ લીધો હતો. આઉત્સવમાંખાસકરીને પૂજ્યપાદ ગુરુજીની શ્રીનીલકંઠ વર્નીવિચરણ ની કથાવાર્તાથી બધાભક્તોને ખૂબ જ પોષણ અને પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. એવી જ રીતે બાળકો અને યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મહિલા મંચ તેમજ પીયુડા શ્રીઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેકઅને ભવ્ય અન્નકૂટ વિગેરે આયોજનોઅતિઅદભુતહતા. આ ઉત્સવ અંતર્ગતદેશભક્તિ વિષયક તથાઅયોગ્ય વિષયકકાર્યક્રમો પણ યોજાયા હતા.આઉત્સવ દરમ્યાન અમેરિકાના ૧૨ થી વધારે સ્ટેટના ભક્તો આવ્યાહતા અનેલંડન અને કેનેડાથીપણ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા તથા ભારતથી પણ ભક્તો પધાર્યા હતા. ખાસ કરીને **Raritan Town** નાMayor **Nicolas J. Carra** અને **Council Man of Raritan Borough** શ્રી ઉમેશ અગ્રવાલ અને ગાયત્રી પરિવારનાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયનાં**Vice Chancellor** શ્રી ચિન્મય પંડ્યાજી વિગેરે ઘણાબધા સામાજિક,રાજકીય અને આધ્યાત્મિક મહાનુભાવો પણ ખાસ ખાસ પધાર્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાગરિકે ટોલ ફ્રી નંબર – ૧૯૩૦ પર સંપર્ક કરવો : જિલ્લા પોલીસ વડાશ્રી

જિલ્લાના નાગરિકોએ પોતાની બેંક કે અન્ય નાણાંકીય બાબતની વિગતો મોબાઇલ પર કોઇપણ વ્યક્તિને આપવી નહીં : ઇન્વેસ્ટમેન્ટની લોભામણી સ્કીમો કે ફેક આઇ.ડી.થી ચેતો : જિલ્લા પોલીસ વડાશ્રી

ગાંધીનગર જિલ્લા પોલીસની સાયબર ક્રાઇમ શાખાએ સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરિકોને રૂ. ૫૬ લાખથી વધુની રકમ પરત અપાવી

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર
રાજ્ય સહિત ગાંધીનગર જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી સાયબર ક્રાઈમનો ભોગ સરળતાથી નાગરિકોબનતા હોય છે. નાગરિકો સાયબર ક્રાઈમનો ભોગ બને તો તરત જ ગાંધીનગર જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસનો અથવા ટોલફ્રી નંબર –૧૯૩૦પર સંપર્ક કરવા માટે જિલ્લાપોલીસ વડા શ્રી રવિતેજા વાસમશેટ્ટીએ જણાવ્યું છે. જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં સાયબર ક્રાઈમનો ભોગ સામાન્ય નાગરિકોને બેંક,પોલીસ, ઈન્કમટેક્ષ કે અન્ય વિભાગમાંથી બોલુંછું, કહી તેમની પાસેથી નાણાંકીય બાબતોની વિગતો વાતવાતમાં લઈ લેતાં હોય છે. ક્યારેક લીંક કે અન્ય રીતે સામાન્ય નાગરિકો પાસેથી બેંકની વિગતો મેળવી લેતાં હોય છે. આવી અનેક રીતે સામાન્ય નાગરિકો સાથે સાયબર ક્રાઈમની ઘટના બનતી હોય છે. તેની સાથે વિડિયો કોલના માધ્યમથી ફોટોગ્રાફ કે અન્ય વિડિયો વોટ્સએપ કરીને ધાકધમકીથી નાણાં માંગતા હોય છે. આવી ઘટના બન્યા પછી સામાન્ય નાગરિક મનોમન મુંઝાતો રહે છે, અમુક કિસ્સાઓમાં નાગરિક આ ઘટના અંગે પોલીસને મોડી જાણ કરતો હોય છે. તેની સાથે ઈન્વેસ્ટમેન્ટ કરીલોભામણી સ્કીમો કે ફેક આઈ.ડી થકી લોકો પાસેથી આવા તત્વોનાણાં પડાવીલેતાં હોય છે. મોબાઈલ પર કોઈની વાતમાં ન આવવાનો પણ જિલ્લા પોલીસ વડાએ અનુરોધ કર્યો છે. તેમણે ઉમેર્યું છે કે, સાયબર ક્રાઈમની ઘટનાનો ભોગબનનાર નાગરિકો જેટલી ઝડપી પોલીસ કે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરશે, તેટલી ઝડપી આ ઘટનાનો ઉકેલ મેળવી શકાશે. નાગરિકો આ ઘટનાની જાણ રાજ્યના પોલીસ વિભાગદ્વારા શરૂ કરવામાં આવેલા ટોલ ફ્રી નંબર-૧૯૩૦ પર કરીને પણ કરી શકો છે. સાયબર ક્રાઈમની માહિતી આપતાં ડી.વાય.એસ.પી. શ્રી આર.આઈ.દેસાઈએ જણાવ્યુંછે કે, ગુજરાતરાજયમાંસાયબર ક્રાઈમ થકી લોકો પાસેથી રૂ. ૧૧૪ કરોડ કરતાં વધુરકમ ત્રાહિત વ્યક્તિઓ દ્વારા પડાવીલેવામાં આવીછે. પરંતુ ઘટના બને તેના અમુક સમય મર્યાદામાં પોલીસને જાણ ભોગ બનનાર વ્યક્તિઓએ કરી છે. તેમાંથીમોટા ભાગનાલોકોને નાણાં પોલીસ તંત્ર દ્વારા પરત અપાવામાં આવ્યા છે. જૂન- ૨૦૨૪ સુધીમાં ૪૬ ટકાએટલે કે રૂ.૫૩ કરોડથી વધુની રકમ ભોગ બનનાર નાગરિકોને રાજયના સાયબર ક્રાઈમસેલ દ્વારા પરત અપાવવામાં આવીછે. ગાંધીનગર જિલ્લામાંપણ સાયબર ક્રાઈમનો ભોગ બનનાર વ્યક્તિઓના રૂ. ૫૬ લાખ જેટલી રકમ પરત અપાવવામાં આવી છે. તેમણે નાગરિકોને જણાવ્યું છે કે, સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાગરિકોએ તુરંત જ પોલીસનો સંપર્ક કરવો, જેથી આ પ્રકારની ઘટનાનું નિર્માણ કરતાં વ્યક્તિઓને પકડી શકાય. તેમજ મોબાઈલ પર પોતાની કોઈપણ પ્રકારની બેંક એકાઉન્ટ કે અન્ય નાણાંકીય વિગત ન આપવા પણ જણાવ્યું છે. કોઈપણ વ્યક્તિ દ્વારા પોલીસ, બેંક કે ઈન્કમટેક્ષ વિભાગમાંથી બોલું છું, તેવું કહી વિગતો માગે તો તે મોબાઈલ નંબરની જાણ પણ ઝડપથી ગાંધીનગર જિલ્લા પોલીસના સાયબર ક્રાઇમ ટોલ ફ્રીનંબર કે રૂબરૂ કરવાજણાવ્યું છે.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ઇજનેર વિભાગમાં પ્રારંભ @2024 સ્ટુડન્ટ ઇંડક્શન કાર્યક્રમનોસમાપન સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ સાહેબશ્રીના નેતૃત્વમાં,પ્રોવોસ્ટ શ્રી ડો.પ્રફુલકુમાર ઉદાણી સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ અને ડાયરેક્ટર ટેકનિકલ ડો. હેતલકુમાર શાહ સાહેબશ્રી અને કોલેજના પ્રિન્સિપાલ ડો. પિયુષકુમાર પટેલ સાહેબશ્રીનાસહયોગથી સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ માંબી. ટેકઅને બીએસ.આઈ.ટી માં પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટેના પ્રારંભ @2024 સ્ટુડન્ટ ઈંડક્શન કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો.જેમાં મુખ્ય મહેમાન તરીકે બી. એ. પી. એસ સ્વામિનારાયણ મંદિર મહેસાણાથી પૂજ્ય શુદ્ધાત્મદાસ સ્વામીજી અને પૂજ્ય નીલકંઠ મુનીસ્વામીને આમંત્રણ આપવામાં આવ્યું. પૂજ્ય શુદ્ધાત્મદાસસ્વામીજી આજના સમય માં એન્જિનિયરનું મહત્વ કેટલું છે તેના વિષે માહિતી આપવામાં આવી અને એન્જિનિયરીંગ અને આધ્યાત્મિકતા વચ્ચેનો સંબંધ સમજાવવામાં આવ્યો. તેમણે પોતાના વક્તવ્યમાં ભારતનાં ઋષિ-મુનિઓની પણ વાત કરી કે જેઓ દુનિયાના મહાન એન્જિનિયર થઈ ગયા. આધ્યાત્મિક વ્યક્તિઓનું જીવન કેવી રીતે બદલાય છે અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શું શીખવા જેવુ છે તે પણ સમજાવવામાં આવ્યું. તેમણે પોતાના વકતવ્યમાં અમુક પ્રખ્યાતનાં વ્યક્તિઓના નામ જણાવ્યાકે જેમનેપોતાના જીવનમાં આધ્યાત્મિકતા સ્વીકારવાથી શું બદલાવ આવ્યા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ સાહેબશ્રી દ્વારા વિદ્યાર્થીઓને શરૂ થનાર એકેડમિક સેમેસ્ટરમાટે શુભેચ્છા પાઠવવામા આવી. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્રઈજનેર કોલેજના સ્ટાફ દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એપ્લાઈડ સાયન્સ અને હ્યુમેનિટીસ વિભાગ અનેબી.એસ.સી.આઈ.ટી વિભાગ દ્વારા કરવામાં આવ્યું.

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં સરકારી અનાજની ગેરકાયદેસર હેરાફેરી તથા સંગ્રહખોરી કરતા તત્વો સામે પોલીસની સખત કાર્યવાહી

સરકારી અનાજ સગે વગે કરવાના ગુના અંગેની વિગતો આપતા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે

ખાનગી ગોડાઉન ઉપર તાલુકા મામલતદારે તપાસ કરતા સરકારી અનાજનો ૧૦,૦૦૦/- કિલો ગ્રામ (૧૦૦ ક્વિંટલ) ઘંઉનો જથ્થો મળી આવતા પોલીસ ફરિયાદ નોંધાવી

કમલમ્ન્યુઝ, રાજપીપલા સાગબારાતાલુકાનાસેલંબા ખાતે સરકારી અનાજની ગેરકાયદેસર હેરાફેરી તથા સંગ્રહખોરી કરતા ગોડાઉન ઉપર સાગબારા મામલતદારદ્વારા છાપો મારી તપાસ કરતા રૂપિયા ૩,૦૦,૦૦૦નો સરકારી અનાજનોજથ્થો કબ્જે કરી નર્મદા પોલીસ દ્વારા પકડાયેલા ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી કરવામાં આવેલી કામગીરી અંગે જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ પત્રકાર પરિષદ યોજી આ મામલે વિગતવાર માહિતી આપી. પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ માહિતી આપતા જણાવ્યું કે, સાગબારા તાલુકા મામલતદાર એસ.જે.નિઝામાને ગત તા.૧૯/૭/ ૨૦૨૪ના રોજ સેલંબાના પાંચપીપરી રોડ ખાતે એક ખાનગી ગોડાઉનમાં સરકારીઅનાજ ઘંઉનો જથ્થો ગેરકાયદેસર રીતે સગેવગે થતો હોવાની બાતમી મળતા તેઓશ્રીને બાતમીવાળા સ્થળ પર તપાસ કરતા ટાટા કંપનીનો ટેમ્પો નં. જી.જે.૨૨ ટી-૧૧૮૧માંથી સરકારી અનાજના કટ્ટા ખાલી કરવામાં આવી રહ્યા હતા. જે અનાજના કટ્ટા તપાસ કરતા સરકારી અનાજ હોવાનું જણાયું હતું. ટેમ્પોમાંથી ગોડાઉનમાં ઉતારેલો જથ્થો તમામ તપાસ કરી જોતાં સરકારી શીલ અને લાલ દોરાની સિલાઈ વાળા ઘંઉના કટ્ટા નંગ-૧૭૨ તેમજ બારદારમાંથી ખાલી કરેલાઘંઉનો જથ્થોચેક કરતા કટ્ટા નંગ-૨૦ આમ કુલ- ૨૦૦ નંગ ઘંઉનાકટ્ટા જેનુંઅંદાજીત વજન ૧૦,૦૦૦/- કિલો ગ્રામ (૧૦૦ ક્વિંટલ) હતું. જેનું પ્રતિકિલો ગ્રામ રૂપિયા ૩૦લેખે કુલ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/-નો જથ્થો મળી આવ્યો હતો. સરકારી અનાજનો જથ્થો ભરીને લાવનારટેમ્પોચાલક રાજેન્દ્રભાઈ રામસિંગવસાવા રહે. પાંચપીપરી તા. સાગબારા, જીલ્લો નર્મદાનાઓ ગભરાઈને ટેમ્પો સ્થળ પર મુકી નાસીગયા હતા. આ ટાટા ટેમ્પોની તપાસ કરતા આનંદભાઈ અદેસીંગભાઈ વસાવા રહે. રોઝદેવ, તા.સાગબારા, જીલ્લો નર્મદાની માલિકીનો હોવાનું જણાયુંહતું. જેઓ અરિહંત એગ્રો સેલ્સના પ્રોપરાઈટર મનીષભાઈ ગવરચંદ શાહના પ્રતિનીધિ છે. તેમની માલિકીનો ટેમ્પો નંબર નં. જી.જે.૨૨ ટી-૧૧૮૧માં સાગબારા તાલુકાનું સરકારી અનાજ વિતરણ કરવાનું પ્રતિનિધી તરીકે કામછે. વિતરણનું સંપૂર્ણ કામ ગોડાઉન પરથી જથ્થો નિકળે અને નિયત સ્થળે પહોંચે તેની સંપુર્ણ જવાબદારીતેમની હોય છે. તેઓએ જે ટેમ્પોમાં અનાજનો જથ્થો વિતરણ કરવા માટે મોકલવાનો હોય છે. તેમાં સરકારી અનાજ વિતરણનું બોર્ડ લગાડવાનું હોય છે જે પણ લગાડેલું નહોતુ. તેમજ ટેમ્પોમાં જી.પી.એસ. સિસ્ટમ બંધ જણાઈ હતી. ડ્રાઈવરને જી.પી.એસ.લોકેશન વાળો મોબાઈલ ફોન આપવામાં આવ્યો નહોતો જી.પી.એસ. ટ્રેકીંગ સિસ્ટમ બાબતે ડ્રાઈવરને કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવી નહોતી. વધુમાં જણાવ્યું કે, આ ખાનગી ગોડાઉન બાબતે તપાસ કરતા ગોડાઉન સચિન નવનિતલાલ શાહની માલિકીનું હોય અને તેમના જણાવ્યા મુજબ, શૈલેન્દ્રસિંહ બહાદુરસિંહ વસાવા(ભવરીસાવર, તા.સાગબારા)એ મૌખિક કરારથી માસિક રૂપિયા ૮૦૦૦/-ના ભાડે આપ્યું હોવાનું જણાવ્યું હતું. શૈલેન્દ્રસિંહ બહાદુરસિંહ વસાવાએ આ ગોડાઉન છેલ્લા બે માસથી ભાડે રાખ્યું હતું. આ ખાનગી ગોડાઉનમાં સી.સી.ટી.વી. કેમેરા પણ બંધ હોવાનું જણાયું હતું. તેમજ જય કુમાર દિનેશભાઈ વસાવા રહે.બોરડીફળી (ઉભારીયા), હૂંજી દુકાનનાં સંચાલક હોય પકડાયેલો જથ્થો તેમની દુકાન માટે ફાળવેલા જથ્થા પૈકીનો જથ્થો ઘઉંના કટ્ટા નંગ-૦૮ ટાટા ટેમ્પો નંબર જી.જે.૨૨ટી-૧૧૮૧માંગોડાઉન ખાતે ઉતારવા માટે આવતા આ ઘઉંના કટ્ટા પણ જપ્ત કર્યા હતા. ગોડાઉનમાંથી અન્ય સરકારી ઘઉંના કટ્ટા કુલ-૧૯૨ આમ કુલ-૨૦૦ જેટલા ઘઉંના કટ્ટા જપ્ત કરવામાં આવ્યા છે. સરકારી અનાજની ગેરકાયદેસર હેરાફેરી તથા સંગ્રહખોરીમાં સરકારી અનાજ સગેવગે કરનાર ભાવેશભાઈ કાનજીભાઈ ડાંગોદરા જેઓ સરકારી કર્મચારી હોય અને સાગબારા તથા ડેડીયાપાડાના સરકારી અનાજના ગોડાઉનનો ચાર્જ ધરાવે છે. તેમની ફરજ અનાજનાકટ્ટા ઉપર સરકારી શીલ મારવાની તેમજ સીલાઈ દોરી બદલવાની હોય છે. તેઓએ સરકારી ધારા-ધોરણ અને નિયમ મુજબ પેકીંગમાં અને સરકારી દોરામાં ફેરફાર નહીં કરી ગેટપાસ આપી સરકારી અનાજ ખાનગી ગોડાઉન સંચાલકોને બારોબાર જથ્થો પુરો પાડી ગુનાહીત કાવતરૂં કર્યુ છે. આ સમગ્ર મામલે સાગબારા મામલતદાર એસ.જે. નિઝામાએ સાગબારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આ ગુનો તા.૨૫/૦૭/ ૨૦૨૪નારોજ દાખલ કરવામાં આવ્યોછે. આ સરકારી અનાજના હેરાફેરી તેમજ સંગ્રહના ગુનામાં (૧) ભાવેશભાઈ કાનજીભાઈ ડાંગોદરા ઈન્ચાર્જ સરકારી ગોડાઉન મેનેજર રહે.તા.ડેડીયાપાડા, અને (૨) દૌલતભાઈભાંગાભાઈ નાઈક રહે.બેડાપાણી ફળીયુ કોલવાણ તા.સાગબારા, જીલ્લો નર્મદાની અટકાયતકરવામાં આવી છે. જયારે (૧) આનંદભાઈ અદેસીંગ વસાવા રહે.રોઝદેવ તાસાગબારા, (૨) શૈલેન્દ્રસિંહ બહાદુરસિંહ વસાવા રહે. ભવરીસાવર તા:-સાગબારા, (૩) રાજેન્દ્રભાઈરામસિંગવસાવા રહે. પાંચપીપરી તા. સાગબારા,જીલ્લો નર્મદા, (૪) જય કુમાર દિનેશભાઈ વસાવા, ઉભારીયા રહે.બોરડીફળી (ઉભારીયા), તા-સાગબારા, (૫) મનીષભાઈ ગવરચંદ શાહ, અરિહંત એગ્રોસેલ્સના પ્રોપરાઈટર રહે. ચલથાણા, પલસાણા, સુરત અને (૬) સચિન નવનિતલાલ શાહ રહે. સેલંબા,તા:-સાગબારાની અટક કરવાના બાકી છે. તેમને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી અટકાયતના ચક્રો ગતિમાન કર્યા છે. આમાં કોઈની શેહ શરમ રાખ્યા વિના તટસ્થ તપાસ કરવામાં આવશે.

અમદાવાદમાં આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના હસ્તે 'આદિ બજાર' એક્ઝિબિશનનું ઉદઘાટન કરાયું

કમલમ્ન્યુઝ, અમદાવાદ આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના હસ્તે અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલા બોપલ હાટ ખાતે 'આદિ બજાર' એક્ઝિબિશનનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ 'આદિ બજાર'નું આયોજન ભારત સરકારના આદિજાતિ મંત્રાલય અને ટ્રાયફેડ (ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ)ના સહયોગથી કરવામાં આવ્યું છે. આ આદિ બજાર એક્ઝિબિશનમાં ૩૪થી વધુ સ્ટોલ્સ ભારતની આદિજાતિ સંસ્કૃતિ, કલા-કારીગરી જોવા મળશે. આ એક્ઝિબિશન ૧૧ ઓગસ્ટ સુધી બોપલ હાટમાં સવારના ૧૧ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાઇબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (TRIFED) એ ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળની એક અગ્રણી સંસ્થા છે, જે આદિવાસી સમુદાયોને સશક્તિકરણ કરવા અને તેમનીઅનન્ય કલા, સંસ્કૃતિ અને ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળ નોડલ એજન્સી તરીકે, TRIFED તેમની વર્ષો જૂની પરંપરાઓને જાળવી રાખીને આદિવાસી લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ છે. આ કાર્યક્રમમાં ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના રિજનલ મેનેજર અજીતભાઈ વાછાણી તેમજ વિવિધ રાજ્યમાંથી આવેલા કારીગરો ઉપસ્થિત રહ્યા હતા.

BIS અમદાવાદ દ્વારા વિજ્ઞાન શિક્ષકો માટે લર્નિંગ સાયન્સ વાયા સ્ટાન્ડર્ડ્સ પર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ, ભારતીય માનક બ્યુરો (BIS) એઆપણા દેશનીરાષ્ટ્રીય માનક સંસ્થા છે, જે BIS એક્ટ ૨૦૧૬ હેઠળ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ઉત્પાદનો, પ્રક્રિયાઅને સેવાઓમાટે ભારતીય માનકોને ઘડવા માટે ફરજિયાત બનાવામાં આવ્યું છે અને અનુરૂપ મૂલ્યાંકન યોજનાઓ ઘડવા તેમજ અમલ કરવા માટે પણ જવાબદાર છે જે ધોરણોના અમલીકરણનો અને ગુણવત્તાના પ્રમાણપત્ર પર દેખરેખ રાખે છે. BIS એ તાજેતરમાં યુવા બ્રાન્ડ એમ્બેસેડર ના વાઈબ્રન્ટ જૂથ દ્વારાશિક્ષકો અને વિદ્યાર્થીઓને સભ્યો તરીકે સમાવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં સ્ટાન્ડર્ડ ક્લબબનાવીને ગુણવત્તાની જાગૃતતા વધારવાની ઉમદા પહેલ કરીછે. આ ક્લબ્સ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, યુવા પ્રતિભાઓને ગુણવત્તા અને માનકીકરણના ક્ષેત્રમાં શીખવાની તકો મળે છે. BIS ટૂંક સમયમાં ભારતમાં ૧૦,૦૦૦ થી વધારે સ્ટાન્ડર્ડ ક્લબના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરીલીધા છે. BIS વિવિધ હિતધારકો જેમ કે સ્ટાન્ડર્ડ્સ ક્લબ મેન્ટર્સ, જિલ્લા વહીવટીતંત્ર, સંબંધિત અધિકારીઓ અને વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ માટે સમયાંતરે અનેક તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે જેથી કરીને તેમના વધુ અસરકારક અમલીકરણ તરફ વિવિધ સરકારી યોજનાઓમાં ગુણવત્તાની ખાતરી મળે. ભારતીય માનક બ્યુરો અમદાવાદ દ્વારા ૩૦ અને ૩૧ જુલાઈ ૨૦૨૪નારોજ દૂધસાગર ડેરી ,મહેસાણા ખાતે સ્ટાન્ડર્ડ ક્લબના વિજ્ઞાન શિક્ષકો માટે લર્નિંગ સાયન્સ વાયા સ્ટાન્ડર્ડ્સ પર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાલીમ કાર્યક્રમની શરૂઆત દીપપ્રગટાવીને માનક ગીત સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં LSVS પઠ યોજના પુસ્તિકાઓનું લોન્ચિંગ પણ સામેલ હતું, જે તમામ સ્ટાન્ડર્ડ ક્લબોમાં વિતરિત કરવામાં આવશે. અમદાવાદ ખાતે BIS પ્રમુખ અને નિદેશક શ્રી સુમિત સેંગરે તમામ સહભાગીઓને આવકાર્યા અને તેમને કાર્યક્રમના ઉદ્દેશ્યો વિશે માહિતી આપી. તેમણે સહભાગીઓને તેમની સંબંધિત શાળાના વિદ્યાર્થીઓમાં લર્નિંગ સાયન્સ વાયા સ્ટાન્ડર્ડ્સ વિભાવનાનો વધુ પ્રચાર કરવા પણ અપીલ કરી હતી.

આ પ્રસંગના મુખ્ય અતિથિ પાટણ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી અશોક એન ચૌધરીએ માનકીકરણ અને વિજ્ઞાન અને ટેકનોલોજીને પ્રોત્સાહન આપવામાટે શાળાઓમાં સ્ટાન્ડર્ડ ક્લબની પ્રવૃત્તિઓના મહત્વ પર વક્તવ્ય આપ્યુંહતું અને LSVS જેવા BISના તાજેતરના પ્રોત્સાહન નીપણ પ્રશંસા કરીહતી. મહેસાણા સ્થિતિ દૂધસાગર ડેરીના (પ્રભાર એમડી) શ્રી ધીરજ કુમાર ચૌધરીએ ડેરી ઉદ્યોગમાં ધોરણોના મહત્વ અને રોજિંદા જીવનમાં તેની ભૂમિકા પર વક્તવ્ય આપ્યું હતું અને છેલ્લા૬૦ વર્ષથી BIS સાથે લાયસન્સનીસફરનું પણ વર્ણન કર્યુ હતું. વૈજ્ઞાનિક ડી એ શ્રી ઈશાન ત્રિવેદીએ BIS ની વેબસાઈટ પર માનકીકરણ, પ્રમાણપત્ર યોજનાઓ, તાલીમ અને માનકોના પ્રમોશન વિભાગ, પરીક્ષણ અને ઓનલાઈન નિદર્શન સહિત તેના ઉપયોગને આવરી લેતી BIS પ્રવૃત્તિઓની ઝાંખી, પ્રમાણપત્ર યોજનાઓ, ઈ-BIS સુવિધાઓ અને BIS કેર એપ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

વૈજ્ઞાનિક સી એ શ્રી અજય ચંદેલે રોજબરોજના જીવનમાં વિજ્ઞાનના મહત્વ અને ગુણવત્તા અને માનકો સાથેના તેના સંબંધ અને ગુણવત્તા અને માનકોને પ્રોત્સાહન આપવામાં વિજ્ઞાન શિક્ષકોની ભૂમિકા ,સ્ટાન્ડર્ડ્સ પ્રમોશન પ્રવૃત્તિઓ અને સ્ટાન્ડર્ડ્સ ક્લબના એકેડેમિયા-જેનેસિસ સાથે જોડાણ અને તેની પ્રવૃત્તિઓ અને ઓરિએન્ટેશન ફિલ્મ વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું. વૈજ્ઞાનિક સી એ શ્રી રાહુલ પુષ્કરે માનકો-કન્સેપ્ટ અને ઉપયોગની પદ્ધતિ દ્વારા શીખવા વિજ્ઞાન પર પ્રેઝન્ટેશન આપ્યું હતું અને એલપીજી સિલિન્ડર પ્રોડક્ટ પર લેસન પ્લાનનો વ્યવહાર પણ કર્યો હતો. ગણપત યુનિવર્સિટીના પ્રોફેસર અને BIS ના પ્રશિક્ષિત સંસાધન પર્સનલ શ્રી ઈશાન ઠક્કરે બાયોગેસ પ્લાન્ટ લેસન પ્લાન પર વ્યાખ્યાન આપ્યું અને રોજિંદા જીવનમાં ઉત્પાદન સંબંધિત વૈજ્ઞાનિક કાયદાઓ અને સિદ્ધાંતોની જૂથ પ્રવૃત્તિનું સંચાલન કર્યુ. સહભાગીઓએ આપેલ કાર્ય પર તેમનાવિચારો રજૂ કર્યા. દૂધસાગર ડેરીનાશ્રી લોકેશ કુલશ્રેષ્ઠ, AGM (QA) શ્રી નેહલ ગાંધીએ BIS પ્રશિક્ષિત સંસાધન પર્સનલે લેસન પ્લાન - મિલ્ક પાઉડર પર પ્રેઝન્ટેશન આપ્યુંહતું. ત્યારબાદ, સહભાગીઓએ લેસન પ્લાનને લગતા પરીક્ષણ અને વૈજ્ઞાનિક કાયદાઓ અનેસિદ્ધાંતોના નિદર્શન માટે ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ અને લેબોરેટરીની મુલાકાત લીધી. શ્રી અજય ચંદેલે BIS એલેક્સન પ્લાન-પેકેજડ ડ્રિંકિંગ વોટર પર વક્તવ્ય આપ્યું હતું અને ત્યારબાદ તમામ શિક્ષકોએ લેસન પ્લાન સંબંધિત ક્વિઝમાં ભાગ લીધો હતો. સંક્ષિપ્ત પ્રશ્ન અને જવાબ સત્ર પછી શ્રી અજય ચંદેલ વૈજ્ઞાનિક સી દ્વારા આભાર માનસાથે સત્રનું સમાપન થયું.

૩૧૫ મા ગુરૂવારે જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા ઈન્ટરનેશનલ લોહાણા મહિલા મંડળના માધ્યમથી ભજનોની જામી રમઝટ

કમલમ્ ન્યુઝ, ડીસા નગરના ઈતિહાસ માટે ખૂબ જ ગૌરવશાળી કહી શકાય તેરીતે છેલ્લા છ વર્ષથી અતિ નિયમિતપણે દર ગુરૂવારે પૂજ્ય જલારામ બાપાનાં ભજન જલારામ ગૌસત્સંગ મંડળદ્વારા હર્ષોલ્લાસથી થાય છે.ઈન્ટરનેશનલ લોહાણા મહિલા મંડળ ડીસા વિભાગના ઉપક્રમે ૩૧૫ મા ગુરૂવારનાં ભજન જલારામ મંદિર ડીસા ખાતે રાખવામાં આવ્યાં હતાં.આ ભવ્યાતિભવ્ય-દિવ્યાતિદિવ્ય અવસરે વિશ્વ વિખ્યાત તરભ વાળીનાથ જગ્યાના યુવાન મહંત પૂજ્ય જયરામગીરીજીબાપુ તેમજ ટેટોડા રાજારામ ગૌધામના પૂજ્ય રામરતનજી મહારાજ ઉપસ્થિત રહેતાં વાજતેગાજતે સામૈયું કરી કંકુતિલક, ફૂલહાર,સાલથી સન્માન કરાયુંહતું.ઈન્ટરનેશનલ લોહાણા મહિલામંડળના પ્રમુખપૂજાબેન કે ઠક્કર,મંત્રી બીનાબેન એ ઠક્કર,ઉપપ્રમુખ શિલ્પાબેન એસ ઠક્કર, સહમંત્રી જ્યોતિબેન આર.ઠક્કર,ખજાનચીસરોજબેન ડી રતાણી,સહખજાનચી રવિનાબેન એમ ઠક્કર ઉપરાંત કલ્પેશભાઈ ઠક્કર, દીલીપભાઈ રતાણી, આનંદભાઈ પી.ઠક્કર, પ્રકાશભાઈ એન મજેઠીયા સહિત સૌએ કાર્યક્રમની સફળતા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા. ૩૧૫ મા ગુરૂવારે અગીયાર લાખ રૂપિયા ટેટોડા જલીયાણ ગૌમાતા હોસ્પિટલ,બે લાખ જલીયાણ ગૌશાળા ડીસા તેમજ એકાવન હજાર તરભ ગૌશાળાને અર્પણકરાતાં જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસાની અત્યાર સુધીની ગૌસેવા એક કરોડ પાંચ લાખ સુધી પહોંચી હતી.ભજનમાં અંદાજે ૮૦૦ ઉપરાંત હરિભક્તો ઉપસ્થિત રહેતાં ૩૧૫ મા ગુરૂવારે બે લાખ સાહેઠ હજારની ગૌસેવા એકત્ર થઈ હતી.૩૧૬ મા ગુરૂવારે પ્રેમસિંહના નિવાસસ્થાને ભજનની જાહેરાત કરાઈ હતી. અદભૂત, ઐતિહાસિક અને અભૂતપૂર્વ માહોલમાંયોજાયેલ આ ભજનમાં પૂજ્ય જયરામગીરીજી બાપુએ આશીર્વાદ આપી ગૌસેવાના સત્કાર્યમાં પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી સૌને તરભ જગ્યાનાં દર્શન કરવા આમંત્રણ આપ્યું હતું. ભજનનો નિજાનંદી તેમજ એક સમાન ડ્રેસનો માહોલ નિહાળી ઉપસ્થિત સૌકોઈએ અત્યંત રાજીપો વ્યકત કર્યો હતો.અગિયાર વર્ષ નિયમિત દર ગુરૂવારે પૂજ્ય જલારામ બાપાનાં ભજન કરવાનો સૌએ મક્કમ નિર્ધાર કર્યો હતો.

કમલમ્ ન્યુઝ, રાષ્ટ્રને વ્યસન નોઆતંક ચારે બાજુ થી ઘેરી રહ્યોછે ત્યારે યુવાનો તેમાં ફસાય શારીરિક,માનસિક,.આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે પોતાનો અને પરિવાર નો નાશ કરી રહ્યા છે દેશમાં સૌથી વધારે રૂપિયો વ્યસન પાછળ ખર્ચાઈ રહ્યો છે ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ,હરિદ્વાર નાં તત્વાવધાન માં યુવા સંગઠન, ગુજરાત ના માર્ગદર્શન માં ગાયત્રી પરિવાર, યુવા સંગઠન, ખેડબ્રહ્મા દ્વારા આજ રોજ તા. ૦૨/૦૮/ ૨૦૨૪ નાંસવારે ૧૧:૦૦થી ૧૨:૦૦ સરકારીવિનયન અને વાણિજ્ય કોલેજ, પોશિના ખાતે એન.એસ.એસ. પેય પ્રકલ્પ અંતર્ગતવ્યસન મુક્તિ કાર્યક્રમ પ્રોજેક્ટર દ્વારા કરવામાંઆવ્યો. જેમાંવ્યસન શુંછે ?યુવાઓ અને બાળકો તેમાં કેવી રીતે ફસાય છે ?તેનાથી કેવી રીતે બચી શકાય ? વ્યસન થી બચાવો સૃજન માં લગાવો આ બધી બાબતો વિસ્તાર થી સમજાવવામાં આવી. સરકારી વિનયન અને વાણિજય કોલેજ નાં પ્રિન્સિપાલ શ્રી જયશ્રીબેન જોશીઅધ્યાપક ગણ અને વિદ્યાર્થીએ વ્યસમુક્તિ કાર્યક્રમ માંસહભાગી થઈ જીવન માંવ્યસન નાં કરવાનો સંકલ્પ કર્યો. વ્યસમુક્તિ કાર્યક્રમ નું સંચાલન ગાયત્રી પરિવાર, યુવા સંગઠન ખેડબ્રહ્મા નાંપ્રદીપ ઋષિ એ કર્યું , સહકાર યોગેશભાઈ રાવલ આપ્યો.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028